# –ઈન્ડિયન પીનલ કોડ – 1860

– ભારતીય ફોજદારી ધારો સૌ પ્રથમ 1972-73માં ગવર્નર જનરલ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. પરંતુ તેને 6 ઓક્ટો. 1860ના રોજ મંજૂરી મળી હતી. એટલે કે આ કાયદો 1860થી અમલમાં આવ્યો છે.

**1.**

– મહત્વની કલમો અને જોગવાઈઓ

| કલમ | જોગવાઈઓ |
|---|---|
| 1 | **શીર્ષક** |
| 2 | ભારતમાં થયેલા ગુનાની શિક્ષા |
| 3 | ભારત બહાર થયેલા ગુનાની શિક્ષા |
| 4 | બાહ્ય પ્રાદેશિક ગુનાઓ ઉપર આ કાયદાનો વિસ્તાર |
| 5 | કેટલાંક કાયદાઓને આ સહિતાથી અસર મુક્ત છે. |
| | **પ્રકરણ - 2 : સામાન્ય સ્પષ્ટીકરણ** |
| 6 | શબ્દોની સમજૂતીઓ |
| 7 | એક વખત સમજૂતી અપાયેલા કસરનો અર્થ |
| 8 | જાતિ |
| 9 | વચન |
| 10 | પુરૂષ-સ્ત્રી |
| 11 | વ્યક્તિ |
| 12 | જાહેર જનતા |
| 14 | સરકારી નોકર |
| 17 | સરકાર |
| 18 | ભારત |
| 19 | ન્યાયાધિશ |

ગઢવી એકેડેમી નરોડા-અમદાવાદ

| | |
|---|---|
| 20 | ન્યાયની અદાલત |
| 21 | જાહેર નોકર અથવા રાજ્ય સેવક |
| 22 | જંગમ મિલકત |
| 23 | ગેરકાયદેસર લાભ |
| 24 | અપ્રમાણિકપણે |
| 25 | કપટ પૂર્વક |
| 27 | પત્નિ, કારકુન કે નોકરીના કબજામાંથી |
| 28 | ખોટી બનાવટ કરવા બાબત |
| 29 | દસ્તાવેજ |
| 29-1 | ઈલેક્ટ્રોનિક રેકોર્ડ |
| 30 | કિંમતી જામીનગીરી |
| 31 | વસીયતનામું અથવા વીલ |
| 32 | કૃત્યના ઉલ્લેખ કરતા શબ્દો ગેરકાનૂની કાર્યાલોપનોને સમાવી લે છે. |
| 33 | કૃત્ય એ કાર્યલોપ |
| 34 | સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અનેક વ્યક્તિઓ દ્વારા કરવામાં આવેલા કાર્યો. |
| 35 | ગુનાહિત જાણકારી કે ઈરાદા સાથે કરેલું કોઈ કૃત્ય ગુનાહિત હોય ત્યારે |
| 37 | ગુનો બનવા કૃત્યમાં સહકાર |
| 38 | અનેક કૃત્યો મળીને ગુનો થતો હોય તે |
| 39 | સ્વેચ્છા પૂર્વક |
| 40 | ગુનો |
| 41 | ખાસ કાયદો |
| 42 | સ્થાનિક કાનૂન |
| 44 | હાનિ અથવા ઈજા |
| 45 | જીવન |
| 46 | મૃત્યું |
| 47 | પ્રાણી |
| 48 | વહાણ |

ગઢવી એકેડમી નરોડા-અમદાવાદ

| | |
|---|---|
| 49 | વર્ષ અને માસ |
| 50 | કલમ |
| 51 | સપત |
| 52 | શુદ બુદ્ધિ |
| **પ્રકરણ – 3 શિક્ષા** | |
| 53 | ગુનેગારો જે શિક્ષાને પાત્ર થાય તે |
| 54 | દેહાંત દેડની સજા હળવી કરવા બાબત |
| 55 | આજીવન કેદની સજા હળવી કરવા બાબત |
| 63 | દંડની રકમ |
| 64 | દંડની રકમ ન ભરાય તો કેદની સજા |
| 68 | દંડની રકમ ભરાઈ જતા કેદનો અંત |
| 73 | એકાંત કેદ |
| 74 | એકાંત કેદની મુદત |
| **પ્રકરણ – 4 સામાન્ય અપવાદો** | |
| 76 | કાયદાથી બંધાયેલ અથવા હકીકતની ભૂલના કારણે પોતે કાયદાથી બંધાયેલ છે. તેમ માનીને કોઈ વ્યક્તિએ કરેલું કૃત્ય. |
| 77 | ન્યાયિક રીતે કાર્ય કરતા ન્યાયધિશનું કૃત્યુ. |
| 78 | ન્યાયિક રીતે કાર્ય કરતા ન્યાયધિશનું કૃત્યુ. |
| 80 | અકસ્માત |
| 81 | હાનિ અટકાવવાનું કૃત્ય |
| 82 | 7 વર્ષની નીચેની વયના બાળકનું કૃત્ય |
| 83 | 7 વર્ષથી ઉપર અને 12 વર્ષથી નીચેના અપરિપક્વ બાળકનું કૃત્ય |
| 84 | દીવાના માણસનું કૃત્ય |
| 85-86 | નશો કરેલ વ્યક્તિ કૃત્ય |
| 92 | બીજાના લાભ માટેનું કૃત્ય |
| 93 | શુદ્ધ બુદ્ધિથી કરેલી હકીકત |
| 94 | બાળમજૂરી કે ધમકી હેઠળ કરેલું કૃત્ય |

ગઢવી એકેડેમી નરોડા-અમદાવાદ

| | |
|---|---|
| 95 | નજીવા-ક્ષુલ્ક કૃત્યો |
| 96-106 | સ્વરક્ષણનો અધિકાર |
| **પ્રકરણ – મદદાગારી (દુષપ્રેરણ)** | |
| 107 | કોઈ વસ્તુમાં મદદગારી |
| 108 | મદદગાર |
| 108-એ | ભારત બહાર કરેલા ગુનાઓનુ ભારતમાંથી મદદગારી |
| 114 | ગુનો બને ત્યારે મદદગારીની હાજરી |
| 119 | જે ગુનો બનતો હોય તે અટકાવવાની તેની ફરજ છે તેઓ રાજ્ય સેવક યોજવા છુપાવે. |
| **પ્રકરણ : 5-એ ગુનાહિત કાવતરું** | |
| 120-એ | ગુનાહિત કાવતરાની વ્યાખ્યા |
| 120-બી | ગુનાહિત કાવતરાની શિક્ષા |
| **પ્રકરણ – 6 : રાજ્ય વિરોધી ગુનાઓ** | |
| 121 | ભારત સરકાર વિરુદ્ધ કરવું અથવા કોશિષ કરવી એ સજાને પાત્ર થશે |
| 124 | ઉચ્ચ અધિકારી પર હુમલો કરવો |
| 124-સી | રાજદ્રોહ |
| 129 | જાહેર નોકર બેદરકારીથી કેદીને નાસી જવા દે બાબત |
| 130 | કેદીને નાસવામાં સહાય છોડવા કે આશરો આપવા બાબત |
| **પ્રકરણ – 7 ભૂમિદળ, નૌકાદળ અને હવાઈદળ સંબંધિ ગુનાઓ** | |
| 131 | સૈનિક, નાવિકને એની ફરજમાંથી ભ્રષ્ટ કરવાની કોશિષ |
| 136 | લશ્કરમાંથી નાશી ગયેલાને આશરો આપવા બાબત |
| 140 | સૈનિક નાવિકનો પોષક પહેરવો કે તેમનું પ્રતિક રાખવું. |
| **પ્રકરણ : 7 ભૂમિદળ, નૌકાદળ અને હવાઈદળ સંબંધિ ગુનાઓ** | |
| 141 | ગેરકાયદેસર મંડળી |
| 142 | કાયદા વિરૂદ્ધની મંડળીના સભ્ય હોવા બાબત |
| 146 | હુલ્લ્ડ કરવું કે રમખાણ કરવું |
| 147 | હુલ્લડ માટે સજા |
| 148 | ભયંકર હથ્યાર વડે હુમલો કરવા |

ગઢવી એકેડેમી નરોડા-અમદાવાદ

| | |
|---|---|
| 149 | ગેરકાયદે મંડળીના દરેક સભ્યની જવાબદારી |
| 159 | બખેડો |
| 160 | બખેડો કરવા માટે શિક્ષા |
| પ્રકરણ : જાહેર સુલેહ શાંતિ વિરુદ્ધના ગુનાઓ | |
| 166-એ | જાહેર સેવક દ્વારા કાયદા અંતર્ગત હુકમની અવજ્ઞના |
| 168 | જાહેર નોકર ગેરકાયદેસર વેપાર સાથે જોડાય |
| 170 | જાહેર નોકરનો વેશ લઈને સ્વાંગ રચવો |
| 171 | જાહેર નોકરથી વપરાતા પોષાક અથવા તેનું કોઈ પ્રતિક કપટી ઈરાદાથી પહેરવા કે રાખવા. |
| 177 | ખોટી માહિતી પૂરી પાડવી |
| 178 | જાહેર નોકરને ફરમાવેલા સપત ઈંકાર કરવા બાબત |
| 180 | નિવેદન ઉપર સહી કરવા ઈંકાર કરવા બાબત |
| 186 | જાહેર નોકરને તેના જાહેર કાર્ય બજાવવામાં દખલ કરવી |
| 188 | જાહેર નોકર દ્વારા જાહેર કરેલા હુકમનો અનાદર |
| પ્રકરણ – 11 ખોટા પુરાવો તથા જાહેર ન્યાય વિરૂદ્ધના ગુનાઓ | |
| 191 | ખોટો પુરાવો આપવો |
| 192 | ખોટો પુરાવો ઉભો કરવો |
| 193 | ખોટો પુરાવ માટે શિક્ષા |
| 196 | ખોટો જાણીને પુરાવો વાપરવો |
| 197 | ખોટું પ્રમાણપત્ર આપવું કે સહી કરવી |
| 198 | સર્ટીફીકેટ ખોટું છે એમ જાણીને તેને સાચા તરીકે વાપરવું |
| 212 | ગુનેગારને આશ્રય આપવો |
| 227 | શિક્ષા માફીની શરતોનો ભંગ |
| પ્રકરણ : 12 સિક્કાઓ તથા સરકારી સ્ટેમ્પને લગતા ગુનાઓ | |
| 230 | સિક્કાઓ તથા સરકારી સ્ટેમ્પને લગતા ગુનાઓ |
| 231 | ખોટા સિક્કા બનાવવા |
| 234 | ભારતીય ખોટા સિક્કા બનાવવા માટે કાધન બનાવવું કે વેચવું |

ગઢવી એકેડેમી નરોડા-અમદાવાદ

| | |
|---|---|
| 238 | બનાવટી ભારતીય સિક્કાની બનાવવા માટે કાધન |
| 255 | બનાવટી ભારતીય સ્ટેમ્પ બનાવવા અંગે |
| 258 | બનાવટી સરકારી સ્ટેમ્પનું કબજો રાખવું |
| 259 | બનાવટી સ્ટેમ્પ પર મનાઈ કરવી |
| 263-એ | બનાવટી સ્ટેમ્પ પર મનાઈ કરવી. |
| પ્રકરણ : 13 તોલ અને માપ સંબંધી ગુનાઓ | |
| 264 | તોલવા માટે ખોટા સાધનોનો દગાહિત રીતે ઉપયોગ કરવો |
| 267 | ખોટા તોલ અનેમાપ બનાવવા કે વેચવા |
| પ્રકરણ : 14 જાહેર સ્વાસ્થ્ય સલામતી, સગવડ, સભ્યતા અને નીતિને લગતા ગુનાઓ | |
| 268 | જહેર ઉપદ્રવ |
| 270 | જીવનને જોખમમાં મૂકાય તેવા રોગનો ચેપ ફેલાવવાની સંભાવનાવાળું બિનકાળજી ભર્યું કૃત્ય |
| 271 | ચેપી રોગ સંબંધી નિયમોનો અનાદર કરવો |
| 273 | હાનિકારક ખાદ્ય પદાર્થોનું વેચાણ |
| 274 | દવાઓમાં ભેળસેળ |
| 280 | બેફામપણે વાહન ચલાવવું |
| 287 | યંત્રો સંબંધમાં ઉપેક્ષા ભર્યું વર્તન કરવું |
| 294 | અસ્લીલ ધીટ, ગાયન કે કાર્ય કરવા |
| 294-એ | લોટરી ઓફીસ રાખવી |
| પ્રકરણ : 15 ધર્મ સંબંધિત ગુનાઓ | |
| 296 | ધાર્મિક મંડળીને વિક્ષેપ |
| 297 | સ્મશાન વગેરેમાં દુષપ્રવેશ |
| પ્રકરણ : 16 માનવ શરીરને અસર કરતા ગુનાઓ | |
| 299 | સાપ્રાગ મનુષ્ય વધ |
| 300 | ખુન |
| 301 | જે વ્યક્તિનો મૃત્યુ નિપજાવતો સાપ્રાગ મનુષ્ય વધ |
| 302 | ખુનની શિક્ષા |

ગઢવી એકેડમી નરોડા-અમદાવાદ

| | |
|---|---|
| 303 | આજીવન કેદ ભોગવતી વ્યક્તિ દ્વારા ખુન |
| 304 | ખુન ન જણાય તેવા સાપ્રાગ મનુષ્ય વધ માટે સજા |
| 306 | આત્મહત્યામાં મદદગારી કરવી |
| 309 | આત્મહત્યા કરવાની કોશિષ કરવી |
| 310 | ઠગ હોવું |
| 311 | ઠગ હોય તેને શિક્ષા |
| 312 | ગર્ભપાત કરવો |
| 317 | ખુલ્લામાં બાળકને છોડી દેવો |
| 318 | જન્મ છુપાવવો |
| 319 | વ્યથા |
| 320 | મહાવ્યથા |
| 339 | ગેરવાજબી અવરોધ |
| 340 | ગેરવાજબી અટકાયત |
| 349 | બળ |
| 350 | ગુનાહિત બળ |
| 351 | હુમલો |
| 359 | મનુષ્યહરણ ( અપહરણ ) |
| 362 | મનુષ્ય નયન (અપનયન) |
| 371 | કાયમી પણે ગુલામોનો વેપાર કરવો |
| 372 | વેશ્યાવૃતિ વગેરેના હેતુ માટે શરીરનું વેચાણ |
| 374 | ગેરકાયદે ફરજ્યાત વેઠ |
| 375 | બળાત્કાર |
| 376 | બળાત્કાર માટે શિક્ષા |
| 377 | સૃષ્ટિક્રમ વિરૂદ્ધનો ગુનાઓ |
| પ્રકરણ : 17 ચોરી વિરૂદ્ધના ગુનાઓ વિશે | |
| 378 | ચોરી |
| 379 | ચોરી માટેની શિક્ષા |

ગઢવી એકેડેમી નરોડા-અમદાવાદ

| | |
|---|---|
| 373 | બળજબરાઈથી કાઢવવા અંગે |
| 390 | લૂંટ |
| 391 | ધાડ |
| 405 | ગુનાહિત વિશ્વાસઘાત |
| 415 | ઠગાઈ |
| 417 | ઠગાઈ માટીની શિક્ષા |
| 420 | ઠાગાઈ અથવા ખોટી રીતે મિલ્કત આપવાની લાલચ આપવા બાબત |
| 425 | બગાળ |
| 441 | ગુનાહિત અનઅધિકૃત પ્રવેશ |
| 442 | અનાધિકૃતગૃહ પ્રવેશ |
| 445 | ઘર ફોડવું |
| **પ્રકરણ : 18 દસ્તાવેજો સંપત્તિ ચિન્હો અને ચલણી નોટો તથા બેંક નોટોને લગતા ગુનાઓ** | |
| 463 | બનાવટી દસ્તાવેજ બનાવવો અથવા ઈલેક્ટ્રોનિક રેકર્ડ બનાવવો |
| 464 | કોઈ વ્યક્તિ ખોટો દસ્તાવેજ બનાવ્યો હોય ત્યારે |
| 465 | ખોટા દસ્તાવેજ બનાવવાના ગુના માટેની સજા |
| 470 | બનાવટી દસ્તાવેજ |
| 477-એ | હિસાબો ખોટા બનાવવા |
| 479 | સંપતિના ચિન્હ બનાવવા વાપારવા બાબત |
| 481 | ખોટું સંપત્તિ ચિન્હવાળો વાપરવા બાબત |
| 486 | બનાવટી સંપત્તિ ચિન્હવાળો માલ વેચવા બાબત |
| 489-એ | બનાવટી ચલણ નોટ બનાવવા અંગે |
| **પ્રકરણ : 19 નોકરીના કરારના ગુનાહિત ભંગ અંગે** | |
| 491 | અસમર્થ વ્યક્તિની સારસંભાળ રાખવા તેની જરૂરીયાતો પૂરી પાડવાના કરારનો ભંગ |
| **પ્રકરણ : 20 નોકરીના કરારના ગુનાહિત ભંગ અંગે** | |
| 494 | પતિ કે પત્નિની હયાતીમાં પુન: લગ્ન કરવું કપટ પૂર્વક લગ્નવિધિ કરવી |
| 496 | કપટ પૂર્વક લગ્નવિધિ કરવી |
| 498 | પરણેલી સ્ત્રીને ગુનાહિત ઈરાદાથી રોકી રાખવી કે લઈ જવી |

ગઢવી એકેડમી નરોડા-અમદાવાદ

| પ્રકરણ : 20-એ પતિ અથવા પતિના સગા દ્વારા ત્રાસ અંગે | |
|---|---|
| 498-એ | કોઈ સ્ત્રીના પતિ અથવા પતિના સગા તરફથી તેણીને ક્રુરતાનો ભોગ બનાવે તો |
| પ્રકરણ : 21 બદનક્ષી અંગે | |
| 499 | બદનક્ષી |
| 500 | બદનક્ષી માટે સજા |
| 503 | ગુનાહિત ધમકી |
| 505 | જાહેર બગાડ થાય તેવા વિધાન |
| 506 | ગુનાહિત ધમકીને શિક્ષા |
| 507 | નનામી નિવેદનથી ગુનાહિત ધમકી |
| 510 | પીધેલી વ્યક્તિથી જાહેરમાં ગેરવર્તાવ કરે તો તે અંગે |
| પ્રકરણ : 23 ગુના કરવાની પ્રયત્ન | |
| 511 | આજીવન કેદ અથવા કેદની સજાને પાત્ર ગુના કરવની કોશિષ |

ગઢવી એકેડેમી નરોડા-અમદાવાદ


સ્પર્ધાત્મક પરીક્ષા માટેનું
(વાર્ષિક લવાજમ : ₹ 800/-)
GADHAVIS CURRENT AFFAIRS
ગઢવી કરન્ટ અફેયર્સ
મેગેઝીન
GCDA
વર્ષ : 1 ● અંક : 1 ● નવેમ્બર - 2014
કિંમત : ₹ 80/-
Magazine for : UPSC - GPSC - TET - TAT, ઓફીસ આસીસ્ટન્ટ,
IBPS, બિન સચિવાલય કારકુન, PSI, પોલિસ કોન્સ્ટેબલ
GPSC મુખ્ય પરીક્ષા
પેપર - 1 (ગુજરાતી)
પેપર - 2 (અંગ્રેજી)
જાહેર વહિવટ
લેખક : શ્રી પ્રફુલ્લ ગઢવી (D. Pharm., M.A., LL.B., M.P.A.)
પરીક્ષા તારીખ : 21-12-2014
બિન સચિવાલય કારકુન વર્ગ - 3
ગઢવી કેરિયર ડેવલપમેન્ટ એકેડેમી
મુખ્ય ઓફિસ (નડીયાદ) :
બી-9, પહેલો માળ, વર્ગો કોમ્પલેક્ષ, નડીયાદ. M. : 97234 53941
વધુ માહિતી માટે જુઓ - http://gadhaviscurrentaffairs.blogspot.in




ગઢવી એકેડેમી

1. પ્રસ્તાવિક અને ઉત્પત્તિ :

– ભારતીય ફોજદારી ધારો સૌ પ્રથમ 1972-73માં ગવર્નર જનરલ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. પરંતુ તેને 6 ઓક્ટો. 1860ના રોજ મંજૂરી મળી હતી. એટલે કે આ કાયદો 1860થી અમલમાં આવ્યો છે.

2. IPC કોને લાગુ પડી શકે?

– આ કાયદાની કલમ -1 દર્શાવ્યા મુજબ આ કાયદો જમ્મું અને કાશ્મીર રાજ્ય સિવાય ભારતના તમામ રાજ્યોને લાગું પડે છે અને કલમ-2 મુજબ કોઈ પણ ગુનો ભારતમાં બનેલો હોય તે ગુનો માટે અપરાધી હોય તેવી દરેક વ્યક્તિને એ આ કાયદો લાગું પડે છે. તેમાં કોઈ પણ નાત જાત, પદવી કે રાષ્ટ્રીયતાનો ભેદભાવ રખાતો નથી.

- ભારતના બંધારણની કલમ-361 મુજબ રાષ્ટ્રપતિ તેમજ રાજ્યોના રાજ્યપાલને દીવાની અને ફોજદારી કાર્યવાહીમાંથી મુક્તિ આપવામાં આવી છે.
- કોઈ પણ વિદેશી વ્યક્તિએ વિદેશમાં ગુનો કરીને ભારતમાં આવી હોય તેને પણ આ કાયદો લાગું પડતો નથી.

### 3. વ્યક્તિ :

- આ કાયદાની કલમ-11 મુજબ વ્યક્તિ શબ્દમાં જન્મેલ કે જન્મનાર બાળકનો સમાવેશ થઈ જાય છે. બાળક માતાના ગર્ભમાં હોય પરંતુ તેનો વિકાસ બાળક કહી શકાય તેટલા પ્રમાણમાં થયો તો તે 'વ્યક્તિ' ગણાશે.
- વ્યક્તિ શબ્દમાં કંપની, સંગઠન કે વ્યક્તિઓના મંડળનો સમાવેશ થઈ જાય છે. કાયદાથી સ્થાપિત થયેલ અને કૃત્રિમ અસ્તિત્વ ધરાવતી કંપની અને 'મૂર્તિ'ને પણ વ્યક્તિ ગણવામાં આવે છે.
- કોઈ પણ વિદેશી વ્યક્તિએ વિદેશમાં ગુનો કરીને ભારતમાં આવી હોય તેને પણ આ કાયદો લાગુ પડતો નથી.

### 4. જાહેર નોકરી કે રાજ્યસેવક :

- આ કાયદાની કલમ-11 મુજબ વ્યક્તિ શબ્દમાં જન્મેલ કે જન્મનાર બાળકનો સમાવેશ થઈ જાય છે. બાળક માતાના ગર્ભમાં હોય પરંતુ તેનો વિકાસ બાળક કહી શકાય તેટલા પ્રમાણમાં થયો હોય તો તે વ્યક્તિ ગણાશે.
- વ્યક્તિ શબ્દમાં કંપની, સંગઠન કે વ્યક્તિઓના મંડળનો સમાવેશ થઈ જાય છે. કાયદાથી સ્થાપિત થયેલ અને કૃત્રિમ અસ્તિત્વ ધરાવતી કંપની અને મૂર્તિને પણ વ્યક્તિ ગણવામાં આવે છે.
- કેટલાક ગુનાઓ જેવાં કે ખૂન, જૂઠા સાક્ષી, બળાત્કાર, લગ્નવિચ્છેદ વગેરે માત્ર જીવત વ્યક્તિઓ જ કરી શકે.

ગઢવી એકેડેમી નરોડા-અમદાવાદ

- કૃત્રિમ વ્યક્તિઓ આ પ્રકારના ગુના કરી શકે નહીં, તેથી તેની ઉપર આ ગુનાઓના નોકરોએ રાજ્યના સેવકો છે.

**5. જંગમ મિલકત :**

- કલમ-22 પ્રમાણે દરેક પ્રકારની મૂર્ત મિલકતોનો સમાવેશ ‘જંગમ મિલકત’માં થાય છે. તેમાં જમીન અને જમીન સાથે કાયમી રીતે જોડાયેલ વસ્તુઓનો સમાવેશ થતો નથી.

**6. ખોટું બનાવવું એટલે કે બનાવટ :**

- આ અંગે કલમ-28માં જોગવાઈ કરવામાં આવી છે. આ શબ્દ ખોટી ચલણી નોટો, ટિકિતો, બનાવટી સિક્કાના સંદર્ભમાં વાપરવામાં આવ્યો છે. જ્યારે સરખામણું રાખીને બીજી વ્યક્તિને છેતરવાનો કે ઠગાઈ કરવાનો ઈરાદો હોય ત્યારે તેને ‘ખોટું બનાવવું’ કે ‘બનાવટ’ તરીકે ઓળખવામાં આવે છે.

**7. દસ્તાવેજ :**

- કલમ-29 મુજબ કોઈપણ વસ્તુ ઉપર આંકડા અક્ષર અથવા ચિન્હો દ્વારા કોઈ બાબત વ્યક્ત કરવામાં કે વર્ણવામાં આવી હોય અને તેનો પુરાવો તરીકે ઉપયોગ કરવાનો ઈરાદો હોય તો તે ‘દસ્તાવેજ’ ગણાય છે.

**8. કિંમતી જામીનગીરી :**

- કાયદાની કલમ-30માં આ અંગે જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે જે દસ્તાવેજ દ્વારા કોઈ કાયદેસરના હક્ક ઉપ્તન્ન કરવામાં આવ્યા હોય કે વિસ્તૃત કરવામાં આવ્યા હોય કે આપવામાં આવ્યા હોય અથવા નિયંત્રિત, રદ કે છોડી દેવામાં આવ્યા હોય અથવા તેવા દસ્તાવેજ કે જેનાથી કોઈ વ્યક્તિની કાયદેસરની જવાબદારી કાયમ રાખતી હોય કે અમુક કાયદેસરનો અધિકાર પોતાને નથી તેવું સ્વીકારવામાં આવ્યું હોય ત્યારે તેને કિંમતી જામીનગીરી તરીકે ઓળખવામાં આવે છે.

ગઢવી એકેડમી નરોડા-અમદાવાદ

**9. હાનિ :**

- આઈ.પી.સી. ની કલમ-44 આ અંગે ઉલ્લેખ છે. તેમાં કોઈપણ વ્યક્તિના શરીર, મન, પ્રતિષ્ઠા કે મિલકતને કોઈપણ સ્વરૂપે ગેરકાયદેસર રીતે ઈજા અથવા નુકસાન પહોંચાડવું એટલે હાનિ પહોંચાડવું એટલે હાનિ પહોંચાડવી ગણાય.
- આ અર્થમાં જાહેર રક્ષણ અટકાવવાની ધમકી આપવી. બળપૂર્વક છીનવી લેવાના હેતુંથી ઈજાનો ભય આપવો, બજવી ન શકાય તેવી દરખાસ્તની ધમકી, ટોલની ગરકાયદેસર માંગણી વગેરે હાનિ ગણાય. પરંતુ કોઈપણ વ્યક્તિનો સામાજિક બહિષ્કાર હાનિ ગણાતી નથી.

**10. સહ ગુનેગાર :**

- આઈ.પી.સી. ની કલમ-34માં કરવામાં આવેલી જોગવાઈ પ્રમાણે જ્યારે કોઈ ગુનાહિત કૃત્યુ એક કરતાં વધું વ્યક્તિ દ્વારા તેમનો એક સરખો ઈરાદો પૂર્ણ કરવા માટે કરવામાં આવ્યું હોય ત્યારે ગુનાહિત કૃત્ય કર્યું છે એ રીતે જવાબદાર ગણાશે.

**11. દેહાંતદંડ :**

- ફોજદારી કાયદાની નીચે દર્શાવેલ કલમો અનુસાર દેહાંત દંડની સજા થઈ શકે છે.
- રાજ્ય વિરુદ્ધ લડાઈ જાહેર કરવી.
- થયેલ બળવામાં મદદગારી.
- ખોટો પુરાવો આપવાથી નિર્દોષનું મૃત્યું.
- ખૂન
- ગાંડા કે નશો કરેલ વ્યક્તિને આત્મહત્યામાં મદદ કરવી.
- ખૂન સહિત ધાડ.

ગઢવી એકેડેમી નરોડા-અમદાવાદ

– આજીવન કેદની શિક્ષા પામેલા કેદી દેહાંતદંડની સજા થઈ શકે છે. પરંતુ તેવી સજા કરવી ફરજિયાત નથી.

**12.** કેદ :

– ફોજદારી ધારાની કલમ 55, 60 અને 73 તથા 74માં આ અંગેની જોગવાઈ કરવામાં આવી છે. કેદની સજાના ત્રણ પ્રકાર છે. (1) સાદી સજા (2) સખત સજા (3) એકાંત કેદની સજા. સાદી સજા મોટે ભાગે કેદની હોય છે. લૂંટ અને ધાડના કેસમાં વ્યથા કે મહાવ્યથા પહોંચાડવા બદલ 7 વર્ષથી કેદ થઈ શકે.

– કોઈપણ ગુના માટે વધુમાં વધુ 14 વર્ષની કેદ થઈ શકે છે. મહા અપરાધના ગુના માટે, ખોટો પુરાવો કે ખોટી સાક્ષી આપવા બદલ તથા દેહાંતદંડની સજાને પાત્ર બને તેવા ગુનાના હેતુંથી ગૃહ પ્રવેશના અપરાધ બદલ 'સખત કેદ'ની સજા કરવી ફરજિયાત છે.

**13.** એકાંત કેદ :

– એકાંત કેદની સજા એટલે કદીને બહારની દુનિયાના સંપર્કથી દૂર રાખી સંપૂર્ણપણે એકાંતમાં બંદી બનાવવો.

– આ અંગેની જોગવાઈ ફોજદારી કાયદાની કલમ 73-74માં કરવામાં આવી છે. (1) જ્યારે સખત કેદની સજા ફરમાવવામાં આવી હોય ત્યારે જ એકાંત કેદની સજા થઈ શકે નહીં. (2) એક  જ સમયે કદી 14 દિવસ ભોગવવાની શિક્ષા કરી શકાય.

– જો મુખ્ય સજા ત્રણ માસથી વધુ સમયની હોય તો એક જ માસમાં એક સાથે સાત દિવસ માટે આવી શિક્ષા થઈ શકે.

– જો કેમદી મુદ્દત છ મહિના કરવામાં આવે છે. આ કારણે આવી સજાથી કેદી ગાંડો બની જવાની શક્યતા છે. બીજા વર્ગના મેજિસ્ટ્રેટ એકાંત કેદની સજા ફરમાવી શકે નહીં.

**14.** મિલકતની જપ્તી :

– નીચે જણાવેલ ગુનાઓમાં મિલકતની જપ્તી થઈ શકે છે. (1) કલમ-126 (2)ની જોગવાઈ પ્રમાણે રાજ્યની સાથે સુલેહ ધરાવતા કોઈ પ્રદેશમાંથી કરેલી લૂંટફાટ (2) કલમ-127

પ્રમાણે લૂંટફાટ દ્વારા મેળવેલી મિલકત જાણતા હોવા છતાંય ધારણ કરવામાં આવશે. (3) કલમ-169 મુજબ કોઈ જાહેર નોકરે સત્તા ન હોય તેવી મિકલત અયોગ્ય રીતે ખરીદી હોય તે જપ્ત કરવામાં આવે છે.

**15.** દંડ :

– આ અંગે આઈ.પી.સી. ની કલમ 63 થી 70 માં જોગવાઈ કરવામાં આવી છે. કલમ-63 પ્રમાણે જ્યારે દંડની રકમ નિશ્ચિત કરેલી ન હોય તેવા કેસોમાં ગુનેગાર અમર્યાદિત દંડ ભરવા જવાબદાર બને છે પરતું તે કલમ-64 મુજબ અદાલતોને દંડની સાથે કેદની શિક્ષા કરવાનો પણ અધિકાર છે.

– જો નિશ્ચિત સમયમાં દંડની રકમ ભરવામાં ન આવે તો સમયનો વિલંબ થયો હોય તે માટે વધારાની કેદ થઈ શકે છે.

– ફોજદારી ધારા પ્રમાણે નીચે દર્શાવેલ સંજોગોમાં માત્ર દંડની સજા જ થઈ શકે છે. (1) સ્વેચ્છો વાતાવરણને દૂષિત કરવું (2) જાહેર ત્રાસદાયક કૃત્ય કરવું. (3) ચૂંટણીના સંબંધમાં ખોટું નિવેદન કરવું. (4) ચૂંટણીના હિસાબો રાખવા નહીં (5) પીણા વગેરે દ્વારા કોઈને લાંચ આપવી. (6) કોઈપણ માલિક કે કબજેદારો પોતાના સ્થળે થઈ રહેલ હુલ્લડ અટકાવવામાં નિષ્ક્રિયતા દાખવી હોય (7) વહાણના માલિકે નાસી ગયેલા ગુનેગારને જાણી છુપાવવા દીધો હોય.

– દંડ નહીં ભરવા માટે કેદની શિક્ષા અંગે કલમ-65 થી 70માં જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે ગુનો કેદ અને દંડની શિક્ષાને પાત્ર હોય અને જો દંડ ભરવામાં ન આવે તો જેટલા સમયની કેદની શિક્ષા થઈ હોય ત્યારે જો દંડ ભરવામાં આવે ન આવે તો રૂ. 50 સુધીના દંડ માટે બે માસ સુધી રૂ. 100 સુધીના દંડ માટે ચાર માસ સુધીની અને તેથી વિશેષ રકમને દંડ હોય અને તે ન ભરવામાં આવે તો વધુમાં વધુ 6 માસ સુધીની સાદી કેદની સજા થઈ શકે છે.

**16.** અગાઉ કરેલ ગુનો ફરીથી કરે :

ગઢવી એકેડમી નરોડા-અમદાવાદ

– ફોજદારી કાયદાની કલમ-75 પ્રમાણે જ્યારે કોઈ ગુનેગારને બનાવટી સિક્કા, ટિકિટો, દસ્તાવેજો અને મિલકતોના ગુના માટે અગાઉ દોષિત ઠેરવવામાં આવેલ હોય અને અને ફરીથી તે જ ગુના માટે ગુનેગાર ઠરે ત્યારે તે દસ વર્ષ અથવા આજીવન કેદની સજાને પાત્ર થાય છે.

**17. અદાલતે કરેલા ન્યાયિક કૃત્ય :**

– ફોજદારી કાયદાની કલમ-77 મુજબ અદાલતમાં ફરજ દરમિયાન ન્યાયધિશો ન્યાયમૂર્તિ તરીકે કરેલા કૃત્ય ગુનો બનતા નથી. દા.ત. ન્યાયધીશ જે અપરાધની મોતથી શિક્ષા કરે ત્યારે ન્યાયધીશો પોતે અપરાધીનું મોત નિપજાવવા માતે ગુનેગાર બનતો નથી. તેવી જ રીતે કલમ-78 મુજબ ન્યાયાધીશના હુકમ પ્રમાણે ગુનેગારને ફાંસી આપનાર જલ્લાદ પણ આરોપીનું મોત નિપજાવવા માટે જવાબદાર બનતો નથી.

**18. બાળકનું કૃત્ય :**

– કલમ 82 અને 83માં આ અંગે જોગવાઈ કરવામાં આવી છે. કલમ 82 પ્રમાણે સાત વર્ષની નીચેની વયના બાળકનું કૃત્ય ગુનો બનતો નથી. કલમ-83 પ્રમાણે સાત વર્ષથી ઉપર પણ બાર વર્ષથી નીચેની બાળક હોય પરંતુ કૃત્યનો પ્રકાર અને પરિણામ સમજવા જેટલો પરિપકવ ન હોય ત્યારે તેણે કરેલ કૃત્યનો પ્રકાર અને પરિણામ સમજવા જેટલો પરિપક્વ ન હોય ત્યારે તેણે કરેલ કૃત્ય ગુનો બનતું નથી. બાર વર્ષથી ઉપરની વયના બાળકે કરેલ ગેરકાયદેસર કૃત્ય માટે તે જવાબદાર બને છે.

**19. નશો કરેલ વ્યક્તિનું કૃત્ય :**

– કલમ-85-86માં અંગે જોગવાઈ કરવામાં આવી છે. કલમ-85 પ્રમાણે જે વસ્તુથી તેનો નશો ચઢ્યો હોય તે વસ્તુ તેની જાણ બહાર અથવા તેની ઈચ્છા અને સંમતિ વગર આપવામાં આવી હોય ત્યારે પોતે કરી કરેલ કૃત્ય ઈરાદા વિરૂદ્ધનું છે. તેમ સમજવા માટે તે અસમર્થ હોવાથી તેનું કૃત્ય ગુનો બનતું નથી.

– જે વ્યક્તિ સ્વેચ્છાથી નશો કરે ત્યારે તેનું કૃત્ય ગુનો બને છે. ટૂંકમાં કોઈ તેને કપટથી માદક પદાર્થ પીવડાવીને તેના હાથે ગુનાહિત કૃત્ય કરાવે ત્યારે તે ગુનેગાર બનતો નથી.

ગઢવી એકેડમી નરોડા-અમદાવાદ

**20. બીજાના હિત માટે શુદ્ધ બુદ્ધિથી કરેલું કાર્ય :**

– આ અંગે કલમ-92માં જોગવાઈ આવી છે. જ્યારે કોઈ વ્યક્તિ સમર્થન આપવાની હાલતમાં ન હોય અને વાલીની સંમતિ મેળવવા જેટલો સમય ન હોય ત્યારે તે વ્યક્તિના હિતમાં શુદ્ધ બુદ્ધિથી તેને ઈજા થાય તેનું કૃત્ય હોય તો પણ તે ગુનો બનતું નથી.

– આવું કૃત્ય તેને મહાકાવ્યમાંથી, મોતથી ઉગારવા અથવા રોગ નિવારણના હેતુંથી કરેલું હોવું જોઈએ.

**21. શુદ્ધ બુદ્ધિથી કહેવામાં આવેલ હકીકત :**

– કલમ-93માં કરેલી જોગવાઈ પ્રમાણે જ્યારે કોઈ વ્યક્તિના હિતમાં કહેવામાં આવેલી હકીકતોથી જો તેને હાનિ થાય તો પણ તે હકીકત કહેવાનું કાર્ય ગુનો બનતું નથી.

– દા.ત. ડોક્ટર દર્દીને કે તેના સગાસંબંધીને રોગનું સાચું કારણ બતાવે અને એ સાંભળીને જો તે વ્યક્તિ બેભાન બનીને ઢળી પડે અને તેને ગંભીર ઈજા થાય તો તે માટે ડોક્ટર જવાબદાર નથી.

**22. સંમતિથી કરવામાં આવેલું કાર્ય :**

– આ અંગે કલમ-87થી 91માં જોગવાઈ કરવામાં આવી છે. કલમ-90માં સંમતિ શું નથી એ વિશે જણાવેલ છે. જે કોઈ વ્યક્તિ ઈજાના ભયથી અથવા હકીકતની ગેરસમજૂતીથી આપવામાં આવી હોય અને સંમતિ મેળવનારને એવો ખ્યાલ હોય કે આપવામાં આવેલી સંમતિ ભય અથવા ગેર સમજૂતીનું પરિણામ છે અથવા મગજની અસ્થિરતાને લીધે અથવા કરવાને લીધે અથવા લીધે અથવા નશો કરવાને સમજવા અસમર્થ હોય અથવા વ્યક્તિ જે બાબતંની સંમતિ આપે છે તેનું સ્વરૂપ કે પરિણામ સમજવા અસમર્થ હોય અથવા જે સંમતિ આપનાર વ્યક્તિ બાર વર્ષથી નીચેની હોય તેની સંમતિને સંમતિ કહેવાય નહીં. 16 વર્ષથી વધુ ઉંમરની સ્ત્રી સાથે તેની સંમતિથી સંભોગ એ ગુનો બનતો નથી. 16 વર્ષથી નીચેના બાળાની સંમતિ હોય તો પણ તેની સાથે સંભોગ એ ગુનો બને છે.

– નીચેની બાબતોમાં સંમતિ મહત્વની છે. (1) સ્ત્રીની સંમતિ વિના ગર્ભપાત કરાવી શકાય નહીં (2) સ્ત્રીની સંમતિ વિના ગર્ભપાતના ઈરાદે થયેલ મૃત્યું ગુનો છે. (3) સંમતિ વગર ગુનાહિત બળ વાપરવું. (4) કોઈ પણ વ્યક્તિ કે તેના વાલીની સંમતિ વગર ભારત બહાર પહોંચાડવી એ ‘મનુષ્યનયન’નો ગુનો બને છે. (5) 16 વર્ષની ઉપરથી સ્ત્રી સાથે સંમતિ વગર સંભોગ એ

ગઢવી એકેડમી નરોડા-અમદાવાદ

બળાત્કારનો ગુનો બને છે. (6) અન્ય પુરૂષની પત્નિ સાથે તેના સંમતિ વગર જાતીય સંભોગ એ વ્યભિચાર ગણાય છે.

**23. પુરાવાનો નાશ કરવો, ખોટી માહિતી આપવી. :**

– આ અંગે કલમ-2001માં જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે કોઈ વ્યક્તિ ગુનેગારને કાયદેસરની શિક્ષામાંથી બચાવવા માટે થયેલ ગુનાને લગતા પુરાવાઓનો નાશ કરે અથવા જે માહિતી ખોટી છે તેવું જાણતો હોવાછતાંય ખોટી માહિતી આપે ત્યારે તે શિક્ષાને પાત્ર બને છે.

– જો દેહાંત દંડની સજાને પાત્ર બને તેવા ગુનાના પુરાવા નાશ કર્યા હોય તો વધુમાં વધુ સાત વર્ષની સખત કેદની સજા અને દંડ થઈ શકે છે.

– જો ગુનો આજીવનકેદને પાત્ર હોય તો તેવા પુરાવાના નાશ માટે ત્રણ વર્ષની કેદ અને દંડની સજા થઈ શકે છે અને જો ગુનો માટે દેશની શિક્ષાના ¼ ભાગની કેદ અને દંડ થઈ શકે છે.

**24. ખોટું સ્વરૂપ ધારણ કરવાનો ગુનો :**

– આ અંગેની જોગવાઈઓ વિવિધ કલમમાં આવી છે. તેમાં સૈનિકનો વેશ ધારણ કરવો, જાહેર નોકરનો વેશ ધારણ કરવો, જાહેર નોકરનો વેશ ધારણ કરવો, જાહેર નોકરનું રૂપ અને ચિન્હ ધારણ કરવું, ચૂંટણીમાં બીજાનો વેશ પહેરવો, એસેસરનો વેશ ધારણ કરવો, દાવા કે ફરિયાદીની કાર્યવાહી દરમિયાન કોઈક હેતુસર ખોટું સ્વરૂપ ધારણ કરવું તે શિક્ષાને પાત્ર બને છે.

**25. ગુનાનો ખોટો આરોપ :**

– આ અંગે કલમ-211માં જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે કોઈ વ્યક્તિ અન્ય કોઈપણ વ્યક્તિને હાનિ પહોંચાડવાના ઈરાદાથી તે વ્યક્તિની વિરૂદ્ધમાં કોઈ ફોજદારી કાર્યવાહી ચાલું કરે તે કરાવે અથવા અને તે વ્યક્તિ ઉપર ગુનો કર્યો છે. તેવું ખોટું તોહમતનામું મૂકે ત્યારે તેણે ગુનાનો ખોટ આરોપ મૂક્યો ગણાય અને આ ગુના માટે તેને બે વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બંને શિક્ષા થઈ શકે છે.

**26. ગુનેગારને છુપાવવો :**

– આ અંગેની જોગવાઈ કલમ-201 અને 2013 થી 2015માં કરવામાં આવી છે. કલમ – 201માં ગુનેગાર છુપાવવાના ઈરાદાથી ખોટી માહિતી આપવી અથવા ગુનાના પુરાવાનો નાશ કરવો.

ગઢવી કેરીયર એકેડેમી નરોડા-અમદાવાદ

કલમ-213 ગુનેગાર શિક્ષાથી બચાવવા માટે બક્ષિસ લેવી, કલમ-214 મુજબ ગુનેગારને છુપાવવા બદલ પુરસ્કાર સ્વીકારવો અથવા મિલકત પાછી સોંપવા જણાવવું કે પ્રેરવું કે કબૂલ કરાવવું આ દરેક બાબત શિક્ષાને પાત્ર બને છે.

– કોઈ પણ વ્યક્તિની પડાવી લીધેલ મિલકત પાછી મેળવવા માટે બદલો મેળવવો શિક્ષાને પાત્ર છે. પરંતુ કલમ-215 મુજબ જો બદલો લેનાર વ્યક્તિ પોતાની શક્તિ મુજબના સાધનોનો ઉપયોગ કરીને તે ગુનેગારને પકડાવીને દોષિત ઠેરવવા પ્રયત્ન કરે તો તે શિક્ષાને પાત્ર બનતો નથી.

**27. ગુનેગારોને આશ્રય આપવો :**

– કલમ – 212 મુજબ કોઈ વ્યક્તિ ગુનેગાર છે એમ જાણવા છતાંય તેને છુપાવી રાખવો ગુનો છે. કલમ-216 મુજબ જેને પકડવાનો હુકમ થયો હોય તેવા નાસી ગયેલા અપરાધીને આશ્રય આપવો કે છુપાવવો એ ગુનો છે.

– કલમ- 216 મુજબ જેને પકડવાનો હુકમ થયો હોય તેવા નાસી ગયેલા અપરાધીને આશ્રય આપવો કે છુપાવવો હુકમ થયો હોય તેવા નાસી ગયેલા અપરાધીને આશ્રય આપવો કે છુપાવવો એ ગુનો છે. કલમ – 216-એ મુજબ લૂંટ અથવા ધાડ પાડી હોય કે પાડવાની તૈયારી હોય તેવી વ્યક્તિઓને જાણી જોઈને અશ્રય આપવો એ ગુનો છે. કલમ – 52 એ મુજબ આશ્રય શબ્દમાં કોઈ વ્યક્તિને રહેવાનું, ખાવાનું, પીવાનું, કપડાં, દારૂગોળો, હથિયાર, પૈસા અથવા વાહન આપીને તેની ધરપકડ થતી અટકાવવા માટે દરેક પ્રકારની મદદ કરવાનો સમાવેશ થાય છે. પરંતુ આ કલમમાં દર્શાવેલ અપવાદ મુજબ જો ગુનેગાર પતિ અથવા પત્નિએ આશ્રય આપ્યો હોય તો સામે કલમ લાગુ પડતી નથી.

**28. કાયદેસરની ધરપકડનો વિરોધ કરવો.**

– કલમ – 224 પ્રમાણે જ્યારે ગુનેગાર ઠેરવવામાં આવેલી વ્યક્તિ પોતાની કાયદેસર ધરપકડ ન થાય તે માટે અંતરાય ઊભો કરે અથવા નાસી જવાનો પ્રયત્ન કરે તે ગુનો છે. કલમ – 225 પ્રમાણે કોઈ બીજી વ્યક્તિની કાયદેસર રીતે ધરપકડનો વિરોધ કરે, અવરોધ ઊભો કરે અથવા કાયદેસર અટકાયમાંથી છોડાવવાનો પ્રયત્ન કરે અથવા છોડાવે તે ગુનો બને છે.

**29. અદાલતનો તિરસ્કાર :**

ગઢવી એકેડમી નરોડા-અમદાવાદ

– કાયદાની કલમ – 228માં આ અંગેની જોગવાઈ છે. જ્યારે કોઈ વ્યક્તિ કોઈ જાહેર નોકરનું કે ન્યાયની કાર્યવાહી ચલાવવાનું ઈરાદાપૂર્વક અપમાન કરે અથવા તેમાં વિક્ષેપ ઊભો કરે ન્યાયની કાર્યવાહી ચલાવવાનું ઈરાદાપૂર્વક અપમાન કરે અથવા તેમાં વિક્ષેપ ઊભો કરે ત્યારે તે ગુનો બને છે અને તે માટે તેને 6 માસની કેદ અથવા રૂ. 1,000નો દંડ અથવા બંને સજા થઈ શકે છે.

**30. ખોટા સિક્કાઓ** :

– આ અંગે કલમ 230 થી 254માં જોગવાઈ કરવામાં આવી છે. કલમ- 230 પ્રમાણે જે સિક્કા ભારત સરકારની આજ્ઞાથી છાપીને ચલણમાં મૂકવામાં આવ્યા હોય અને પાછળથી બંધ કરવામાં આવ્યા છાપીને ચલણમાં મૂકવામાં આવ્યા હોય અને પાછળથી તેને બંધ કરવામાં આવ્યા હોય તો પણ તે સિક્કા ગણાશે. ટૂંકમાં નાણાં તરીકે વપરાતા હોય તે સિક્કા ગણાય.

– કોડીઓએ કે શંખ એ સિક્કા નથી. કોઈપણ ચંદ્રક કે ધાતુઓ છાપ વગરનો ટૂકડો એ સિક્કો નથી. જે ચલણમાં ચાલુ હોય તે સિક્કો ગણાશે.

– કલમ – 231 થી 243માં ખોટા સિક્કા બનાવવાના ગુનામાં ખોટા સિક્કા બનાવવાનું સાધન રાખવું કે વેચવું, ભારત બહાર ખોટા સિક્કા બનાવવામાં મદદગીરી કરવી, ખોટા સિક્કાની આયાત – નિકાસ કરવી, સિક્કો ખોટો હોવાનું જાણવા છતા બીજાને આપવો અથવા પોતાની પાસે રાખવો વગેરે ગુનો બને છે.

– ખોટા સિક્કા બનાવવામાં સિક્કાની બનાવટમાં ફેરફાર કરવો, વજનમાં વધ-ઘટ કરવી, સાચા સિક્કા તરીકે ચાલે એવી રીતે સિક્કાનું સ્વરૂપ બદલવું, સિક્કામાં ફેરફાર થયો છે તેમ જાણવા છતાંય બીજાને આપવો અથવા પોતાની પાસે રાખવો વગેરે બાબતો ગુનો બને છે.

– ટંકશાળામાંથી સિક્કા બનાવવાનું સાધન ગેરકાયદેસર રીતે બહાર લઈ જવું પણ કલમ – 245 પ્રમાણે ગુનો બને છે.

**31. બનાવટી સ્ટેમ્પ** :

– આ અંગે કલમ- 264 થી 267માં જોગવાઈ કરવામાં આવી.

– ખોટો સરકારી સ્ટેમ્પ બનાવવો, તે માટેનું ઓજાર બનાવવું, રાખવા છતાં સાચા તરીકે તેનો ઉપયોગ કરવો, કોઈ દસ્તાવેજ ઉપરથી વાપરેલો સ્ટેમ્પ કાઢી નાખવો, સ્ટેમ્પ વપરાયો છે તે દર્શાવતું ચિન્હ ભૂંસી નાખવું, સ્ટેમ્પ કાઢી નાખવો.

ગઢવી એકેડેમી નરોડા-અમદાવાદ

– સ્ટેમ્પ વપરાયો છે તે દર્શાવતું ચિન્હ ભૂંસી નાખવું, બનાવટી સ્ટેમ્પ બનાવવો, પ્રસિદ્ધ કરવો, વેચાણ કરવું તેનો ઉપયોગ કરવો, પોતાની પાસે રાખવો, તે બનાવવાનું ઓજાર રાખવું કે વેચવું વગેરે તમામ બાબતો ગુનો બને છે.

**32. તોલમાપને લગતા ગુનાઓ** :

– આ અંગે કલમ – 264 થી 267માં જોગવાઈ કરવામાં આવી છે. તેમાં દગાના હેતુંથી વજન કરવાનું ખોટું સાધન વાપરવું અથવા ખોટું વજનિયું, ખોટી લંબાઈ અથવા ભળતું માપ વાપરવું, ઈરાદાપૂર્વક ખોટા વજનિયા કે સાધનો પોતાની પાસે રાખવા, ખોટા તોલમાપના સાધનો જાણી જોઈને બનાવવા ઉપયોગ કરવા અને વેચવા તે ગુનો બને છે.

**33. જાહેર ઉપદ્રવ એટલે કે ત્રાસદાયક કૃત્ય** :

– કસમ – 268માં આ અંગેની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે કોઈ વ્યક્તિ જાહેર જનતાને અથવા તે પડોશમાં રહેતા કે મિલકત ધરાવતા લોકોને કોઈ સામાન્ય હાનિ, ભય કે ત્રાસ ઉત્પન્ન કરે અથવા કોઈ જાહેર હક્કનો ઉપયોગ કરતી વખતે તેને હાનિ, અડચણ, ભય કે ત્રાસ થાય ત્યારે તે વ્યક્તિ જાહેર ઉપદ્રવ માટે જવાબદાર બને છે.

**34. જાહેર નીતિ અને સભ્યતાને અસર કરતા ગુના** :

– કલમ – 292 થી 294માં અંગેની જોગવાઈ છે. જ્યારે કોઈ અશ્લિલ પુસ્તક આકૃતિ વગેરે વેચવું, વિતરણ કરવું. છાપવું. છપાવવું, આયાત કરવું તેનું જાહેરમાં પ્રદર્શન કરવું અથવા તે પ્રમાણે પ્રસ્તાવ કે પ્રયત્ન કરવો ગુનો બને છે.

– ધાર્મિક હેતું માટે રાખવામાં આવેલ કોઈ પુસ્તક, ચોપાનિયા, લખાણ, ચિત્ર કે આલેખન હોય અથવા કોઈ શિલ્પમાં કોતરણી, ચિત્ર કે મંદિરમાં મૂર્તિઓ લઈ જવાના વાહન ઉપર ધાર્મિક હેતું માટે દર્શાવેલ કૃતિઓને આ કલમ લાગુ પડતી નથી.

– યુવાનો વ્યક્તિઓને અશ્લિલ વસ્તુઓનું વેચાણ કરવું અને જાહેરમાં ત્રાસ થાય તે રીતે અશ્લિલ ગીતો કે પદો ગાવા કે ઉચ્ચારવા કે કલમ – 293- 294 મુજબ ગુનો બને છે.

**35. ધર્મને લગતાં ગુનાઓ** :

– કલમ 295 થી 298માં અંગે જોગવાઈ છે. કોઈ પણ વ્યક્તિના ધર્મનું અપમાન કરવાના ઈરાદે તેના ધાર્મિક સ્થળનો અથવા તેણે પવિત્ર માનેલ કોઈ વસ્તુઓનો નાશ કરવો. અપવિત્ર કરવી કે નુકસાન



ગઢવી એકેડેમી નરોડા-અમદાવાદ

પહોંચાડવું એ ગુનો છે અને તે માટે બે વર્ષ સુધીની કેદ અને તે માટે બે વર્ષ સુધીની કેદ અને અથવા દંડ થઈ શકે છે.

- ભારતના કોઈ નાગરિકની ધાર્મિક લાગણી દુભાવવાના હેતુંથી, બદઈરાદાથી લેખિત કે મૌલિક શબ્દો કે નિશાનીઓથી કોઈપણ દ્રશ્ય નિરૂપણ દ્વારા તે વર્ગના લોકોની ધાર્મિક માન્યતાનું અપમાન કરે કે તે માટે પ્રયત્ન કરે તે એ ગુનો બને છે. આ ગુના માટે પણ ત્રણ વર્ષની કેદ અથવા દંડ અથવા બંને પ્રકારની સજા થઈ શકે છે.
- કોઈપણ ધાર્મિક પૂજા વિધિ માટે કાયદેસર રીતે એકત્રિત થયેલ મંડળીને વિક્ષેપ પાડવો પણ ગુનો છે. આ માટે એક વર્ષ સુધીની કેદ અને અથવા દંડ થઈ શકે છે.
- આ માટે એક વર્ષ સુધીની કે અને અથવા દંડ થઈ શકે છે. કોઈ પણ વ્યક્તિની અંતિમ ક્રિયા કરી રહેલ વ્યક્તિઓને ખલેલ પહોંચાડવી અથવા મૃતદેહ પ્રત્યે ગેરવર્તન કરવું, બદઈરાદે અંતિમક્રિયાના સ્થળે પ્રવેશ કરવો એ ગુનો બને છે.

**36. મનુષ્યની જિંદગી વિરૂદ્ધના કાયદા** :

- આ અંગેની જોગવાઈ કલમ – 299-301 અને 304માં કરવામાં આવી છે. મનુષ્યની જિંદગી વિરૂદ્ધના અપરાધને સાપરાધ મનુષ્યવધ કહે છે. આ માટે હોમોસાઈડ શબ્દ વપરાય છે. આ લેટિન શબ્દ છે. હોમો એટલે મનુષ્યનું જીવન અને સાઈડ એટલે કાપવું તેવો અર્થ થાય છે. જ્યારે કોઈ મનુષ્યનું મૃત્યુ નિપજાવે તેને 'મનુષ્યવધ' કહેવાય છે. કાયદામાં જીવન અને મૃત્યુ એટલે મનુષ્યનું જીવન અને મૃત્યુ સમજવામાં આવે છે. કોઈ પ્રાણીનું મૃત્યુ નિપજાવવામાં આવે તો તેને 'ખૂન' કહી શકાય નહીં.
- કલમ – 299 પ્રમાણે જ્યારે કોઈ વ્યક્તિ કોઈનું મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી અથવા શારીરિક ઈજા કરીને મૃત્યુ નિપજાવવાનો આશય હોય અને તે કાર્યથી મૃત્યુ કહે છે. સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય એવો હોઈ શકે અથવા ખૂન ન ગણાય તેવો પણ હોઈ શકે.
- ખૂનના ગુના મનુષ્યવધના ગુનામાં આજીવન કેદની જોગવાઈ છે. મનુષ્યવધ કાયદા વિરૂદ્ધનું કૃત્ય હોઈ શકે અને કાયદેસરનું કૃત્ય જોગવાઈ છે.
- દા.ત. અકસ્માતથી થયેલ મૃત્યુ અને સ્વરક્ષણ માટે થયેલ મૃત્યુ કાયદેસર મનુષ્યવધ ગણાય.
- કાયદામાં જીવન અને મૃત્યું એટલે મનુષ્યનું જીવન અને મૃત્યું સમજવામાં આવે છે. કોઈ પ્રાણીનું મૃત્યું નિપજાવવામાં આવે તો તેને ખૂન કહી શકાય નહીં.



ગઢવી એકેડેમી નરોડા-અમદાવાદ

– કલમ – 299 પ્રમાણે કોઈ વ્યક્તિનું મૃત્યું નિપજાવવાના ઈરાદાથી અથવા શારીરિક ઈજા કરીને મૃત્યું નિપજાવવાનો આશય હોય અને તે કાર્યથી મૃત્યું થવાનો સંભવ છે, તેવું જ્ઞાન હોય અને તે મૃત્યું નિપજાવે તેને અપરાધ મનુષ્યવધ તેવો પણ હોઈ શકે. સાપરાધ મનુષ્યવધ ખૂન કરતા ઓછો ગંભીર ગુનો ગણાય. ખૂનના ગુના કરતા ઓછો ગંભીર ગુનો ગણાય. ખૂનના ગુના માટે દેહાંતદંડ અથવા આજીવન કેદની શિક્ષા થઈ શકે, જ્યારે સાપરાધ મનુષ્યવધના ગુનામાં આજીવન કેદની શિક્ષા થઈ શકે. દા.ત. અકસ્માતથી થયેલ મૃત્યું અને સ્વરક્ષણ માટે થયેલ મૃત્યું કાયદેસર મનુષ્યવધ ગણાય.

37. ખૂન :

– કલમ – 300માં આવેલી જોગવાઈ પ્રમાણે જે કાર્ય મૃત્યું નિપજાવવાના ઈરાદાથી અથવા એવી શારીરિક ઈજા કરવાનો ઈરાદો હોય કે જેનાથી મૃત્યું થવા સંભવ છે તેવું અપરાધી જાણતો હોય અથવા તેણે અથવા તેણે કરેલી ઈજા કુદરતના ક્રમાનુસાર મૃત્યું નીપજાવવા માટે પૂરતી છે અથવા એવું કૃત્ય કે જે ખૂબ જ જોખમકારક અને અવશ્ય મૃત્યું નિપજાવે તેવું હોય તેવું કૃત્ય કોઈપણ બહાના વગર કરવામાં આવ્યું હોય ત્યારે તેને 'ખૂન' કહેવાય.

– દરેક અપરાધ મનુષ્યવધ એ ખૂન નથી પરંતુ ઉપર દર્શાવેલ સંજોગોમાં અપરાધવધ એ 'ખૂન' ગણાય છે.

38. દહેજ મૃત્યું :

– આ અંગે કલમ- 304માં જ્યારે કોઈપણ સ્ત્રીનું તેણીના લગ્નથી સાત વર્ષમાં દાઝવાથી અથવા શારીરિક ઈજાથી અથવા સામાન્ય સિવાયની અન્ય કોઈ ઘટનાથી મૃત્યું નિપજાવવામાં આવ્યું છે તેવું દર્શાવવામાં આવે અને તેણીના મૃત્યું પહેલાં તેણીનાં પતિ અથવા સગાઓ દ્વારા દહેજથી માંગણી અને તેના કારણે કુરતા આચરવામાં આવી હોય અથવા પજવણી કરવામાં આવી હોય તેવા મૃત્યુંને દહેજ મૃત્યું કહે છે

– આ સંજોગો તેણીનું મૃત્યું તેના પતિ અથવા પતિના સગાએ કર્યું હશે એમ માનવામાં આવે છે. આ પ્રકારના ગુના માટે ઓછામાં ઓછી 7 વર્ષની કેદની સજા થાય છે. અને તે આજીવન કેદ સુધી વિસ્તારી શકાય છે.

39. આત્મહત્યામાં મદદગીરી :

– આ અંગે કલમ 305-06માં જોગવાઈ કરવામાં આવી છે. આ કલમ પ્રમાણે (1) બાળક (2) મુર્ખ વ્યક્તિ (3) પાગલ (4) ચિત્તભ્રમ વ્યક્તિ (5) નશાયુક્ત વ્યક્તિ (6) કોઈ પણ વ્યક્તિને આત્મહત્યા

ગઢવી એકેડેમી નરોડા-અમદાવાદ

માટે પ્રેરવી અને મદદ એ ગુનો બને છે. ઉપર દર્શાવેલ પહેલી પાંચ વ્યક્તિના કેસમાં દેહાંતદંડ, આજીવન કેદ અથવા દસ વર્ષની કેદ અને દંડની સજા થઈ શકે છે. છઠ્ઠા કિસ્સામાં દસ વર્ષની કેદ અને દંડની સજા થઈ શકે છે. 18 વર્ષથી નીચેની વયના અથવા પાગલ કે ચિત્તભ્રમ થયેલ મુર્ખ વ્યક્તિ કે નશો કરેલ વ્યક્તિના કેસમાં આત્મહત્યામાં મદદગીરી માટે દસ વર્ષની કેદ અને દંડની જોગવાઈ છે. સતિ થવામાં મદદરૂપ થવા માટે પણ આ શિક્ષા થઈ શકે છે. અન્ય કોઈપણ કિસ્સામાં આત્મહત્યામાં મદદગીરી માટે દસ વર્ષની દંડની જોગવાઈ છે. સતિ થવામાં મદદરૂપ થવા માટે પણ આ શિક્ષા થઈ શકે છે.

40. ઠગ હોવું :

– કલમ – 310 અને 311માં અંગે જોગવાઈ કરવામાં આવી છે. કલમ- 310 પ્રમાણે એવી વ્યક્તિ ઠગ ગણાશે કે જે ખૂન સહિત અથવા ખૂનના સાધન દ્વારા લૂંટ અથવા બાળકોને ઉપાડી જવાના હેતુથી એવા જ પ્રકારની મનોવૃત્તિ ધરાવતી બીજી વ્યક્તિઓ સાથે સંકળાયેલી હોય.
– જો ઠગે ખૂન કર્યું હોય તો તે ખૂન માટેની શિક્ષાને પાત્ર બને છે. પરંતુ ખૂન ન થયું હોય અને ઠગવાનો હેતું હોય તો કલમ – 311 મુજબ તે આજીવન કેદની સજાને પાત્ર બને છે.

41. બાળકનો જન્મ, મૃત્યુ અને ત્યજી દેવાના અંગેના ગુનાઓ :

– આ અંગે કલમ- 312 થી 318 માં જોગવાઈ કરવામાં આવી છે. કલમ – 312 મુજબ શુદ્ધ બુદ્ધિતી ગર્ભવતી સ્ત્રીની જિંદગી બચાવવાના હેતું સિવાય ગર્ભવતી સ્ત્રીને સ્વેચ્છાપૂર્વક ગર્ભાત કરાવવાનું કૃત્ય ગુનો બને છે. આ માટે જો ગર્ભવિકસિત હોય તો સાત વર્ષ સુધીની કેદ તથા દંડ અને જો વિકસિત ન હોય તો ત્રણ વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બંને પ્રકારની શિક્ષા થઈ શકે છે.
– આ ઉપરાંત બાળકનો જન્મ થતો અટકાવવા જન્મ થતાં જ તેનું મૃત્યું નિપજાવવામાં આવે તો ગુનો બને છે.
– જ્યારે બાળકનો જન્મ થયો હોય એવા બાળક્ના મૃત શરીરને છુપી રીતે દાટી દેવું અથવા અન્ય રીતે નિકાલ કરીને ઈરાદાપૂર્વક બાળકનો જન્મ છુપાવવો એ ગુનો છે. આ ગુના માટે બે વર્ષ સુધીની કેદ અથવા અને દંડ થઈ શકે છે.

42. વ્યથા અને મહાવ્યથા :

ગઢવી ચેકડમી નરોડા-અમદાવાદ

- આ અંગેની જોગવાઈ કલમ 319 થી 338 માં કરવામાં આવી છે, જ્યારે કોઈ વ્યક્તિ અન્ય કોઈ વ્યક્તિને શારીરિક પીડા, રોગ અથવા નિર્બળતા ઉત્પન્ન કરે તે વ્યથા પહોંચાડે છે તેમ કહેવાય. વ્યથા અકસ્માત નહીં પણ સ્વેચ્છાપૂર્વકનું કૃત્ય હોવું જોઈએ. તેનો ઈરાદો કોઈ વ્યક્તિને ઈરાદાથી વ્યથા પહોંચાડવાનો અથવા જાણી જોઈને વ્યથા થવાની સંભાવના હોવી જોઈએ.
- કલમ – 320માં આપવામાં આવેલી વ્યાખ્યા પ્રમાણે જ્યારે પુરૂષત્વનો નાશ કરવામાં આવ્યો હોય, કોઈની દ્રષ્ટિ જોવાની શક્તિનો કાયમી નાશ કર્યો હોય, કોઈ અવયવ અથવા સાંધાનો નાશ કર્યો હોય, મસ્તક અથવા ચહેરાને કાયમી ધોરણે કદરૂપો બનાવ્યો હોય. કોઈ હાડકું કે દાંત ભાંગી જવો અથવા ખસી જવું.
- કોઈ વ્યથા કે જિંદગીને ભયમાં મૂકે અથવા જેનાથી 20 દિવસ સુધી કામગીરી કરવા માટે આશક્ત બનાવે તેને મહાવ્યથા કહે છે.  આ ગુના માટે 7 વર્ષસુધીની કેદ અને દંડની સજા થઈ શકે છે.

43. ગેરવાજબી અટકાયત અને ગેરવાજબી કેદ :

- આ અંગેની જોગવાઈ કલમ- 339 થી 348માં કરવામાં આવી છે. જ્યારે કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિ અન્ય કોઈ વ્યક્તિ કે જેને કોઈ દિશામાં જવાનો હક્ક હોય. તેને તે દિશામાં આગળ વધતો અટકાવવા સ્વેચ્છાપૂર્વક અવરોધ કરે ત્યારે તે વ્યક્તિ ગેરવાજબી અટકાયત કરે છે, એમ કહેવાય. ગેરવાજબી અટકાયતમાં માત્ર શારીરિક અટકાયત જ નહીં પરંતુ બળના દેખાવથી કે ધમકીથી કોઈ વ્યક્તિને રસ્તો બદલવા પ્રેરવાનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત અવરોધ ઊભો કરનારની ત્યાં હાજરી હોવી જરૂરી નથી. ગેરવાજબી અટકાયત માટે એક મહિના સુધીની કેદ અને અથવા રૂ. 500 સુધીનો દંડ થઈ શકે છે.
- કલમ – 340માં દર્શાવેલ વ્યાખ્યા પ્રમાણે ગેરવાજબી કેદ એટલે જ્યારે કોઈ વ્યક્તિ અન્ય કોઈને અન્યાયી રીતે અટકાવે કે જેને કારણે તે વ્યક્તિ અમુક નિશ્ચિત વિસ્તારની બહાર જઈ શકે નહીં ત્યારે તેને ગેરવાજબી રીતે કેદ કરવામાં આવ્યો ગણાય. આ ગુના માટે 1 વર્ષ સુધીની કેદ અથવા રૂ. 1000 સુધીનો દંડ થઈ શકે.

44. ગુનાહિત બળ :

- આ અંગેની જોગવાઈ કલમ- 349 -350માં કરવામાં આવી છે. કલમ – 349 પ્રમાણે જ્યારે કોઈ વ્યક્તિ બીજામાં ગતિમાં ફેરફાર કરે અથવા ગતિનો અંત લાવે અથવા પદાર્થને ગતિમાં મૂકે, તેની ગતિમાં ફેર કરે કે ગતિ બંધ કરે કે જેથી બે પદાર્થ બીજી વ્યક્તિના શરીરના કોઈ ભાગને અથવા



ગઢવી એકેડમી નરોડા-અમદાવાદ

તેના પોશાકને સ્પર્શ અથવા કોઈ વસ્તુ સાથે એવી રીતે સંપર્કમાં આવે કે બીજી વ્યક્તિની સ્પર્શેન્દ્રિયને અસર થાય ત્યારે બળ વાપર્યું છે એમ કહેવાય. કલમ – 350 પ્રમાણે ગુનાહિત બળ વાપરવું એટલે જ્યારે કોઈ વ્યક્તિ ગુનો કરવાના ઈરાદાથી એવા બળનો ઉપયોગ કરે કે જેથી બીજાને હાનિ, ભય અથવા ત્રાસ કરે અથવા બીજાને હાનિ, ભય અથવા ત્રાસ થવાની સંભાવના હોય તેમ જાણીને તેની સંમતિ વિના બળનો ઉપયોગ કરે ત્યારે તેને 'ગુનાહિત બળ' નો ઉપયોગ કર્યો ગણાય.

45. હુમલો :

– આ અંગેની વ્યાખ્યા કલમ – 351માં કરવામાં આવી છે, જ્યારે કોઈ વ્યક્તિ એવી ચેષ્ટા કરે કે ચેષ્ટાની તૈયારી કરે કે જેનો ઈરાદો હાજર હોય તેવી વ્યક્તિઓમાં એવો ભય પેદા કરે કે સામેની વ્યક્તિ ગુનાહિત બળનો ઉપયોગ કરશે, ત્યારે તેથી ચેષ્ટા કરનાર હુમલો કરે છે, તેમ કહેવાય. આ પ્રકારના ગુના માટે 3 માસ સુધીની કે અને અથવા રૂ. 500નો દંડ થઈ શકે છે.

46. મનુષ્યહરણ અને મનુષ્યનયન :

– કલમ – 360માં જણાવેલ વ્યાખ્યા પ્રમાણે મનુષ્યહરણ એટલે જ્યારે કોઈ વ્યક્તિ અન્ય કોઈ વ્યક્તિને ભારતના રાજ્યોની હદ બહાર એ વ્યક્તિની સંમતિ વગર અથવા બે વ્યક્તિના વતી કાયદેસર રીતે સંમતિ આપવા અધિકૃત હોય એવી વ્યક્તિની સંમતિ સિવાય લઈ જાય ત્યારે તે વ્યક્તિનું ભારતમાંથી અપહરણ કર્યું ગણાય. આ ગુના માટે 7 વર્ષ સુધીની કેદ અને દંડની સજા થઈ શકે છે.

– કલમ – 362માં આપેલી વ્યાખ્યા પ્રમાણે જ્યારે કોઈ વ્યક્તિ અન્ય કોઈ વ્યક્તિને કોઈ સ્થળેથી જવા માટે બળથી ફરજ પાડે અથવા ખોટી રીતે લલચાવે ત્યારે તે વ્યક્તિ મનુષ્ય નયન કરે છે તેમ ગણાય.

– મનુષ્ય નયન કરવું એ ગુનો નથી પરંતુ જ્યારે બળ કે છેતરપિંડી દ્વારા મનુષ્યનયન થતું હોય ત્યારે તે ગુનો બને છે.

47. બળાત્કાર સંભોગ :

– કલમ – 375માં આપેલી વ્યાખ્યા પ્રમાણે જ્યારે કોઈ વ્યક્તિ કોઈ સ્ત્રી સાથે તેની મરજી વિરૂદ્ધ અથવા તેની સંમતિ મેળવવામાં આવી હોય અથવા તે પુરૂષ જાણતો હોય છે કે સ્ત્રીનો પતિ નથી અને સ્ત્રી એવું માને છે કે આ બીજા માણસને તે પરણેલી છે તેમ માનીને સંમતિ આપી હોય અથવા જો તે સ્ત્રી 16 વર્ષથી નીચેની વયની હોય ત્યારે તેની સંમતિથી કે સંમતિ વગર મૈથુન કર્યું હોય



ગઢવી એકેડેમી નરોડા-અમદાવાદ

ત્યારે તેની ઉપર બળાત્કાર સંભોગ કર્યો ગણાય. આ ગુના માટે આજીવન કેદ અથવા છ વર્ષ સુધીની કેદ અને દંડની સજા થઈ શકે છે.

– કલમ – 377માં સૃષ્ટિક્રમ વિરૂદ્ધના ગુનાની વ્યાખ્યા મુજબ જો કોઈ દંડની સ્વેચ્છાથી કોઈ માણસ, સ્ત્રી અથવા પ્રાણી સાથે સૃષ્ટિક્રમ વિરૂદ્ધ મૈથુન કરશે તો તે ગુનો બને છે. આ ગુના માટે તેને આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની અને દંડની શિક્ષા થઈ શકે છે.

48. ચોરી :

– કલમ – 78 પ્રમાણે કોઈ વ્યક્તિ અન્ય કોઈ વ્યક્તિના કબજામાંથી તેની સ્પષ્ટ કે ગર્ભિત સંમતિ વિના અથવા તેમના વતી સંમતિ આપવાને હક્કદાર હોય તેની સંમતિ લીધા વગર કોઈ પણ જંગમ મિલકત ખસેડે તેને ચોરી કહેવાય. આ ગુના માટે ત્રણ વર્ષ સુધીની કેદ અને અથવા દંડની સજા થઈ શકે.

49. લૂંટ :

– કલમ – 390માં આપેલી વ્યાખ્યા મુજબ જ્યારે ચોરી કરવા માટે અથવા ચોરી કરતી વખતે અથવા ચોરી કરીને મેળવેલી મિલકત લઈ જતી વખતે કે લઈ જવાનો પ્રયત્ન કરતી વખતે ગુનેગાર કોઈ વ્યક્તિને

સ્વેચ્છાથી મૃત્યું વ્યથા કે અટકાયતનો કરે અથવા અટકાયતનો પ્રયત્ન કરે અથવા તત્કાળ મૃત્યુ વ્યથા કે અટકાયતનો ભય ઉત્પન્ન કરે ત્યારે તે ચોરી ને લૂંટ તરીકે ઓળખવામાં આવે છે. સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલાં જાહેર રસ્તા ઉપર લૂંટ કરવામાં આવી હોય તો 14 વર્ષ સુધીની કેદ અને દંડની શિક્ષા થઈ શકે છે.

50. ધાડ :

– કલમ – 391 પ્રમાણે જ્યારે પાંચ કે તેથી વધુ વ્યક્તિઓ સંયુક્તપણે લૂંટ કરે અથવા લૂંટનો પ્રયત્ન કરે અથવા લૂંટ કે તેનો પ્રયત્ન કરવામાં હાજર હોય તે તેમાં સહાય કરે ત્યારે તે પ્રત્યેક વ્યક્તિ 'ધાડ' પાડવાનો ગુનો કરે છે. તેમ ગણાય. આ ગુના માટે આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની કેદ થઈ શકે.

51. ચોરીની મિલકત મેળવવી :

– કલમ – 410 આપલી વ્યાખ્યા પ્રમાણે ભારતમાં અથવા ભારતની બહાર કોઈ મિલકત કે તેનો કબજો, ચોરી, લૂંટ કે બળજબરીથી મેળવવામાં આવ્યા હોય અથવા જેની ગુનાહિત ઉચાપત થઈ

ગઢવી કેરીયર એકેડેમી નરોડા-અમદાવાદ

હોય અથવા જેના સંબંધમાં ગુનાહિત વિશ્વાસઘાત કરવામાં આવ્યો હોય તેને 'ચોરીની મિલકત' કહેવાય.

– જ્યારે આવી મિલકત રહેતી નથી. મિલકત ચોરાયેલ છે તેવું જાણવા છતાં મિલકત મેળવવી મિલકત રહેતી નથી.
– મિલકત ચોરાયેલ છે તેવું જાણવા છતાં મિલકત મેળવવી કે સ્વીકારવી એ ગુનો બને છે અને તે માટે ત્રણ વર્ષ સુધીની કેદ અને અથવા દંડ થઈ શકે છે.

52. ઠગાઈ.

– કલમ – 415 પ્રમાણે જ્યારે કોઈ વ્યક્તિને દગાથી કે અપ્રમાણિકતાથી કોઈ મિલકત સોંપવા અથવા મિલકત કબજો રાખવાની સંમતિ આપવા પ્રરે અથવા ઈરાદાપૂર્વક કંઈક કરવા કે ન કરવા પ્રેરે અથવા કસૂરથી તે વ્યક્તિના શરીર, મન, મિલકત કે પ્રતિષ્ઠાને હાનિ થાય અને અથવા તેની સંભાવના હોય ત્યારે તે ઠગાઈ કરે છે એમ ગણાય.
– મિલકત સોંપણી અંગેની ઠગાઈના ગુનામાં 7 વર્ષ સુધીની કેદ અને દંડની સજા થઈ શકે અને ઈરાદાપૂર્વક કંઈક કરવા અથવા નહીં કરવા માટે પ્રેરવા બદલની ઠગાઈમાં એક વર્ષ સુધીની કેદ અને અથવા દંડની સજા થઈ શકે છે.
– કલમ – 420 પ્રમાણે કોઈ વ્યક્તિને કોઈ મિલકત સોંપવા અથવા કોઈ કિંમતી જામીનગીરી કે એવો કોઈ કાગળ કે જેમા સહી અથવા સિક્કો કરેલ હોય અને તેને કિંમતી જામીનગીરીમાં ફેરવી શકાય તેમ હોય તે બનાવવો તેમાં સુધારો કરવો કે તેનો નાશ કરવા પ્રેરવી એ ગુનો બને છે.

53. ગુનાહિત પ્રવેશ :

– કલમ – 441 પ્રમાણે જ્યારે કોઈ વ્યક્તિ કોઈ મિલકતમાં અથવા તેની ઉપર ગુનો કરવાના હેતુંથી અથવા કરવા અથવા ત્રાસ આપવાના ઈરાદાથી પ્રવેશ કરે અથવા એવી કોઈ મિલકતમાં કાયદેસર રીતે પ્રવેશ કરીને કાયદા વિરૂદ્ધ ગુનો કરવા કે કોઈ વ્યક્તિને કે જેની પાસે તે મિલકતનો કબજો હોય તેને ધમકી, અપમાન કે ત્રાસ આપવાના હેતુંથી તે સ્થળે રહે તેને ગુનાહિત પ્રવેશ કહેવાય.
– ગુનાહિત પ્રવેશ માત્ર જમીન, મકાન વગેરે પ્રકારની સ્થાવર મિલકત પરત્વે જ થઈ શકે અને તેમાં પ્રવેશવાનો ઉદ્દેશ ગુનાહિત હોવો જોઈએ.
– આ પ્રકારના ગુના માટે ત્રણ વર્ષ સુધીની કેદ અને અથવા રૂ. 500 સુધીનો દંડ થઈ શકે છે.

54. ગૃહ પ્રવેશ :

ગઢવી કેરીયર એકેડેમી નરોડા-અમદાવાદ

- કલમ – 442 પ્રમાણે જ્યારે કોઈ વ્યક્તિ, મનુષ્યના વસવાટ તરીકે ઉપયોગ લેવાતા કોઈ મકાન, તંબુ અથવા વહાણમાં વહાણમાં પૂજાનું સ્થાન કે મિલકત રાખવા માટે ઉપયોગમાં લેવાતા કોઈ મકાનમાં પ્રવેશ કરીને ત્યાં રહીને ગુનાહીત કૃત્ય કરે તેને ગૃહ પ્રવેશ કહે છે. આ પ્રકારના ગુના માટે એક વર્ષની કેદ અથવા 1000 રૂ નો દંડની જોગવાઈ.

55. ગુપ્ત ગૃહ પ્રવેશ :

- કલમ 443 પ્રમાણે જ્યારે કોઈ વ્યક્તિ અન્ય કોઈ વ્યક્તિ કે જેને કોઈ પ્રવેશ કરનારને અટકાવવાનો કે બહાર કાઢવાનો હક્ક હોય, તેનાથી છૂપાઈને ગૃહ પ્રવેશ કરે તેને ગુપ્ત પ્રવેશ કહે છે.
- આ પ્રકારના ગુના માટે એ બે વર્ષની કેદ અને દંડની સજા થઈ શકે છે.
- જ્યારે કોઈ વ્યક્તિએ સૂર્યાસ્ત પછી અને સૂર્યાદય પહેલા ગુપ્ત ગૃહ પ્રવેશ કર્યો હોય ત્યારે તેણે ગૃહ પ્રવેશ કર્યો છે. તેમ ગણાય અને આ માટે ત્રણ વર્ષ સુધીની કેદ અને દંડની સજા થઈ શકે છે.

56. ઘરફોડ :

- કલમ 445 પ્રમાણે કોઈ વ્યક્તિ ઘરમાં પ્રવેશ અથવા ઘરમાં ગુનો કરવાના હેતુથી અથવા ત્યાં ગુનો કરીને કોઈ પણ માર્ગ બહાર નીકળે કે જે તેણે પોતો અથવા ગૃહ પ્રવેશ કરાવનાર મદદગારે ગૃહ પ્રવેશ માટે બનાવ્યો હોય અથવા મદદગાર સિવાય મનુષ્ય ગૃહપ્રવેશ કરશે તેવા ઈરાદા વગર કે જ્યાંથી નિસરણી અથવા દીવાલ અથવા કોઈ પણ રીતે ચઢીને મકાન ઉપર પહોંચી શકાય તેમ હોય પરંતુ ઉઘાડ્યો હોય પરંતુ તેવું સાધન કબજેદાર માર્ગ ઉઘાડવાના ઈરાદે રાખ્યું ન હોય અથવા એવા માર્ગ કે જે આવન જાવન માટે બંધ રાખ્યો હોય અને તે પોતાના કે સહાયક દ્વારા ખોલવામાં આવ્યો હોય અથવા ગૃહપ્રવેશ કરવાના હેતુથી તાળુ ઉઘાડીને અથવા ગુનાહિત બળનો ઉપયોગ કરીને કે હુમલો કરીને અથવા હુમલાની ધમકી આપીને ગુનો કરીને બહાર નીકતે તેને ઘરફોડ કહેવાય.
- આ ગુના માટે માટે બે વર્ષ સુધીની કેદ અને દંડ થઈ શકે. સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલા કરવામાં આવેલ ઘરફોડને રાત્રિ ઘરફોડ કહે છે. આવા ગુના માટે વર્ષ સુધીની કેદ અને દંડ થઈ શકે છે.

57. ખોટી દસ્તાવેજ, ઈલેક્ટ્રોનિક રેકર્ડ :

ગઢવી એકેડેમી નરોડા-અમદાવાદ

– કલમ – 463 પ્રમાણે જ્યારે કોઈ વ્યક્તિ જાહેર જનતાને અથવા કોઈ વ્યક્તિને નુકસાન કે હાનિ કરવાના હેતુંથી કરવાના હેતુંથી અથવા કોઈ વ્યક્તિને નુકસાન કે હાનિ કરવાના અથવા કોઈ મિલકત કરવાના હેતુથી અથવા કોઈ વ્યક્તિ કરાર કરવા પ્રેરાય તેવા હેતુથી અથવા કોઈ દાવા કે હકને પુષ્ટી આપવાના હેતુથી અથવા દગો કરવા કે દગો થઈ શકે તેવા ઈરાદાથી દસ્તાવેજ કે ઈલેક્ટ્રોનિક રેકર્ડ બનાવે ત્યારે તે કૃત્ય બનાવટનું કૃત્ય ગણાય. આ ગુના માટે બે વર્ષ સુધીની કેદ અથવા દંડની સજા થઈ શકે.

– કલમ – 464 પ્રમાણે જ્યારે કોઈ વ્યક્તિ અપ્રમાણિકતા કે દગાથી દસ્તાવેજ કે તેનો ભાગ બનાવે, તેમાં સહી કરે, મહોર લગાવે કે લખી આપે કે કોઈ ઈલેક્ટ્રોનિક રેકર્ડ અથવા તેનો ભાગ બનાવે અથવા પ્રસારિત કરે, તેની ઉપર ડિજીટલ સહી લગાવે અથવા લગાવેલ સહી કે લખાણ રદ કરે ફેરફાર કરે અથવા કરે અથવા આમ કરવા અન્યને પ્રેરે અથવા દીવાનાપણા કે નશાની હાલતમાં પોતાની સામે છેતરપિંડી આચરી હોવાના કારણે દસ્તાવેજ કે ઈલેક્ટ્રોનિક રેકર્ડની હકીકતથી વાકેફ ન હોય ત્યારે ખોટો દસ્તાવેજ કે ઈલેક્ટ્રોનિક રેકર્ડની હકીકતથી વાકેફ ન હોય ત્યારે ખોટો દસ્તાવેજ કે ઈલેક્ટ્રોનિક રેકર્ડ બનાવવામાં આવ્યો છે. તેમ ગણાય.

58. ખોટા હિસાબો બનાવવા :

– કલમ – 477 એ પ્રમાણે જ્યારે કોઈ વ્યક્તિ કારકૂન, અમલદાર કે નોકર છેતરવાના ઈરાદાથી જાણી જોઈને કોઈ ચોપડા, કાગળ, ઈલેક્ટ્રોનિક રેકર્ડ, હિસાબ લખાણ અથવા કિંમતી જામીનગીરી કે જે તેને નોકરીમાં રાખનાર વ્યક્તિ દ્વારા કે તેના વતી મળ્યું હોય તેનો નાશ કરે, તેમાં ફેરફાર કરે અથવા તેનું ખોટું બનાવે તેવા કોઈ ચોપડા, ઈલેક્ટ્રોનિક રેકર્ડ, કાગળ, લખાણ, કિંમતી જામીનગીરીમાં કે હિસાબોમાં ખોટી નોંધ કરે અથવા કોઈ મહત્વની હકીકત લખાણ કસૂર કરે કે ફેરફાર કરે કે તેમાં મદદ કરે ત્યારે તે હિસાબો ખોટા બનાવે છે. તેમ ગણાય. એનો ગુના માટે માટે સાત વર્ષ સુધીની કેદ અથવા દંડની જોગવાઈ છે.

59. નોકરીના કરારનો ગુનાહિત ભંગ :

– કલમ – 491 પ્રમાણે જ્યારે કોઈ વ્યક્તિ કે જે તેની નાની ઉંમરને કારણે અથવા ગાંડાપણને લીધે અથવા રોગ કે શારીરિક નિર્બળતાની કારણ કે પોતાની સલામતી માટે અથવા જરૂરિયાતો પૂરી પાડવા નિ:સહાય કે અસમર્થ હોય તેવી વ્યક્તિની ચાકરી કરવા કે જરૂરિયાતો પૂરી પાડવા માટે કાયદેસરથી બંધાયેલ હોય પરંતુ સ્વેચ્છાથી તેમ કરવાના કસૂર કરે તો ત્રણ માસ સુધીની કોઈપણ પ્રકારની કેદ અને અથવા રૂ. 200 સુધીના દંડના શિક્ષાને પાત્ર બને છે.

ગઢવી કેરીયર એકેડેમી નરોડા-અમદાવાદ

60. દ્વિપતિ અથવા દ્વિપત્નીકરણ :

- કલમ – 494 મુજબ જ્યારે કોઈ પતિ અથવા પત્નિ હયાત હોય છતાંય કોઈ પણ રીતે બીજું લગ્ન કરે કે તેના પતિ અથવા પત્નિની હયાતીમાં થયું હોવાથી રદબાતલ હોય તો તે દ્વિપતિ અથવા દ્વિપત્નીકરણ માટે ગુનેગાર બને છે.
- જો પ્રથમ લગ્ન છુપાવવામાં આવ્યું હોય તો 10 વર્ષ સુધીની દંડની સજા થઈ શકે. અન્ય કોઈપણ સંજોગોમાં 7 વર્ષ સુધીની કેદ અને દંડ થઈ શકે.

61. બદનક્ષી :

- કલમ – 499 પ્રમાણે જ્યારે કોઈ વ્યક્તિ મૌખિક અથવા વાંચવાના ઈરાદે લખેલા શબ્દો દ્વારા અથવા નિશાનીઓ વડે અથવા તેનું હિત અથવા તેનું હિત ધરાવતી વ્યક્તિને કોઈ હાનિ કરવાની ધમકી આપે અને તેનો ઈરાદો ભય પેદા કરવાનો કે અથવા તેનો ઈરાદો અમુક કાયદેસર કૃત્ય કરતા અટકાવવાનો કે કસૂર કાયદેસર કરતા અટકાવવાનો કે કસૂર કરાવવાનો હોય તેને "ગુનાહિત ધમકી" કહી શકાય. આ ગુના માટે બે વર્ષ સુધીની કેદ અને અથવા દંડની સજા થઈ શકે.

62. નશો કરેલ વ્યક્તિની જાહેરમાં ગેરવર્તણૂક :

- કલમ – 510 પ્રમાણે કેવળ નશો કરવાનું કૃત્ય શિક્ષાપાત્ર નથી. જ્યારે કોઈ વ્યક્તિ નશો કરેલ હાલતમાં કોઈ જાહેર સ્થળે દેખાય અથવા તે સ્થળે પ્રવેશ કરે અને જો તેમ કરવાથી ગુનો બનતો હોય અને તેનું વર્તન વ્યક્તિને ત્રાસ આપતું હોય ત્યારે તે ગુનો બને છે. આ ગુના માટે 24 કલાક સુધીની કેદ રૂ. 10 દંડ થઈ શકે.

ગઢવી એકેડમી નરોડા-અમદાવાદ